# S.U.G. COLLEGE OF EDUCATION, VASNA, AHMEDABAD
## SEMESTER-1
## ES-1
## PERSPECTIVES IN EDUCATION

DR. DARSHANA M.

PATEL

# UNIT 3 EDUCATION IN POST INDEPENDENT INDIA
# 3.4 RTE ACT 2009



# 3.4 RTE ACT 2009
# RTE – ACT 2009: શિક્ષણ માટેનો અધિકાર અને કાયદો:

**THE RIGHT OF CHILDREN TO FREE AND COMPULSORY EDUCATION ACT**

અથવા

**RIGHT TO EDUCATION ACT (RTE)**

- ભારત સરકાર દ્વારા **4** ઓગસ્ટ **2009** ના રોજ પસાર કરવામાં આવ્યો અને

  **1 APRIL 2010** થી અમલમાં આવ્યો,

- જે ભારતીય સંવિધાનના આર્ટિકલ **21 - A** અંતર્ગત ભારતમાં **6** થી **14** વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવાની પદ્ધતિઓનું વર્ણન કરે છે.

# RTE-2009 શિક્ષણ માટેનો અધિકાર અને કાયદો:

- પ્રાથમિક શિક્ષણ (ધોરણ **1** થી **8**) માટેના નિયમો
- બાળકો અને શિક્ષકોના અધિકારો
- **RTE-2009** મુજબ દરેક બાળકનો પૂર્ણ સમય માટે સંતોષજનક અને સમાન ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ કેટલાક અનિવાર્ય માનકો અને ધોરણોને સંતોષતી ઔપચારિક શાળાઓમાં મેળવવાનો અધિકાર છે.
- **RTE-2009**નો આધાર ભારતીય સંવિધાનના આર્ટિકલ **21-A** માં **6**થી **14** વર્ષના વયજૂથ તમામ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટે સૂચવે છે તેમાં **86** મો સુધારા કાયદો **2002** ઉમેરીને પહેલી એપ્રિલ **2010** માં તેને કાયદાનું રૂપ મળ્યું.
- **RTE** - કાયદામાં પણ “મફત અને ફરજિયાત’ શબ્દો વણાયેલા છે. આ કાયદો શાળામાં - પ્રવેશ ન પામેલા બાળકને પણ તેની વય અનુસારના વર્ગમાં પ્રવેશ મેળવવાની જોગવાઈ કરે છે.

# RTE કાયદા સંબંધિત કેટલાક મુદ્દાઓ :

- "મફત શિક્ષણ એટલે શાળામાં પ્રવેશ પામનાર બાળકે કોઈ પ્રકારની ફી આપવાની કે ખર્ચ ઉઠાવવાની જરૂર રહેશે નહીં, ટ્યુશન ફી, યુનિફોર્મ, પુસ્તકો, અભ્યાસ-સામગ્રી વગેરે કશાનો ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. આથી ચિંતા, તણાવ કે ડર વિનાનું શિક્ષણ તે મેળવશે.
- **RTE** કાયદો બાળકને તેના નિશ્ચિત વિસ્તાર કે પડોશની સીમાઓની અંદર જ પ્રાથમિક શાળાની પ્રાપ્યતા પૂરી પાડે છે.
- આ કાયદો **1** એપ્રિલ, **2010** થી જમ્મુ કાશ્મીરના રાજ્યને બાદ કરતા સમગ્ર ભારતમાં અમલમાં આવ્યો અને આ રીતે ભારત દરેક બાળકને શિક્ષણનો મૂળભૂત અધિકાર આપનાર વિશ્વના **135** દેશોમાં સામેલ થયું.
- વિકલાંગ વ્યક્તિઓ માટે **18** વર્ષની વય સુધી શિક્ષણ મેળવવાનો અધિકાર ' **PERSONS WITH DISABILITY ACT** 'ના અલગ કાયદા હેઠળ આપવામાં આવ્યો.
- આર્ટિકલ **51-A (K)** મુજબ બાળકને પ્રાથમિક શાળામાં મોકલવાની વાલીઓની ફરજ છે.

# પ્રાથમિક શિક્ષણ (ધોરણ-1 થી 5) માટેના નિયમો:

| વિદ્યાર્થી સંખ્યા | શિક્ષક સંખ્યા |
|---|---|
| 60 | 2 |
| 61 -90 | 3 |
| 91-120 | 4 |
| 121-200 | 5 |
| 150 + | 5 + મુખ્ય શિક્ષક |
| 200 + | 1:40<br>(શિક્ષક:વિદ્યાર્થી) |

# પ્રાથમિક શિક્ષણ (ધોરણ-6 થી 8 ) માટેના નિયમો:

(1) વર્ગદીઠ ઓછામાં ઓછો એક શિક્ષક જેથી નીચેના દરેક વિષય માટે એક શિક્ષક રહેશે.

1. વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર
2. સામાજિક વિજ્ઞાન
૩. ભાષાઓ

(2) પ્રત્યેક ૩૫ બાળકો માટે 1 શિક્ષક (શિક્ષક વિદ્યાર્થી પ્રમાણ 1:35)

(3) બાળકોનો પ્રવેશ 100થી વધુ હોય ત્યાં નીચેના વિષયોના શિક્ષકો હોવા જોઈએ

1. કલા શિક્ષણ
2. આરોગ્ય અને શારીરિક શિક્ષણ
૩. કાર્ય શિક્ષણ

- **શાળાનું મકાન:**

- દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ અને એક રૂમ કાર્યાલય, સ્ટોર અને મુખ્ય શિક્ષકની ઓફિસ માટે

- છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય

- મધ્યાહ્ન ભોજન બનાવવા માટે રસોડું

- રમતનું મેદાન

- પીવાના સ્વચ્છ પાણીની સુવિધા

# શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ /શિક્ષણના કલાક

- **કામના દિવસો:**

- **1** થી **5** ધોરણ માટે  ઓછામાં ઓછા **200** કામના દિવસો

- **6** થી **8** ધોરણ માટે ઓછામાં ઓછા **220** કામના દિવસો

- **શિક્ષણકાર્યના કલાકો:**

– ધોરણ **1** થી **5** માટે પ્રત્યેક શૈક્ષણિક વર્ષ માટે **800** કલાકનું શિક્ષણકાર્ય

– ધોરણ **6** થી **8** માટે પ્રત્યેક શૈક્ષણિક વર્ષ માટે **1000** કલાકનું શિક્ષણકાર્ય

# અન્ય :

- **શિક્ષક માટે સપ્તાહના ઓછામાં ઓછા કાર્ય કલાકો:**

- **45** કલાક (તૈયારીના કલાકો સહિત)

- **ગ્રંથાલય:**

પ્રત્યેક શાળામાં

- સમાચારપત્રો.
- મેગેઝીન.
- વાર્તાના પુસ્તકો સહિત પુસ્તકો પૂરા પાડતું ગ્રંથાલય હોવું જોઈએ.

- રમત-ગમતનાં સાધનો અને સામગ્રી: પ્રત્યેક વર્ગને જરૂરિયાત મુજબ મળવા જોઈએ.

- શાળા બાળકના ઘરથી **1** થી **3** કિલોમીટરના વિસ્તારમાં હોવી જોઈએ.

- પ્રવેશ અને બદલી માટે ના કહી શકાશે નહીં.

- શારીરિક શિક્ષા કરી શકાશે નહીં.

- શાળાઓ માન્યતા પામેલી અને શિક્ષક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

- શાળા વ્યવસ્થાપન સમિતિ **(SCHOOL MANAGEMENT COMMITTEE SMC)** દરેક શાળામાં હોવી જોઈએ.

# બાળકોના અધિકારો:

- **6** થી **14** વર્ષની વયજૂથના બાળકોને સુગમ, પ્રાપ્ય , સ્વીકૃત અને અનુકૂળ **(AVAILABLE, ACCESSIBLE, ACCEPTABLE AND ADAPTABLE)** શિક્ષણ ઔપચારિક પ્રાથમિક શાળામાં મફત અને ફરજિયાતપણે મેળવવાનો અધિકાર છે.
- લિંગ, જાતિ, સામાજિક સંવર્ગના ભેદભાવ વગર દેશના તમામ નિશ્ચિત વયજૂથના બાળકોને શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
- બાળકોને કૌશલ્યો પ્રાપ્ત કરવામાં, જ્ઞાન મેળવવામાં, મૂલ્યો અને વલણો કેળવવામાં સમર્થ બનાવે અને તેમને ભારતના જવાબદાર અને સક્રિય નાગરિક બનવા માટે જરૂરી હોય તેવું એકસમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાનો પ્રત્યેક બાળકનો અધિકાર છે.
- અનામત બેઠકો પર **25%** બાળકોને પ્રવેશ આપવો ફરજિયાત છે.
- આ કાયદો પ્રવેશ માટે બાળકની કસોટી લેવાનો નિષેધ કરે છે. આથી કોઈ પણ બાળક માત્ર ઉંમરનો દાખલો આપીને પ્રવેશ મેળવવાનો અધિકારી બને છે.

# શિક્ષણના અધિકારની મુખ્ય દસ બાબતો

(1) મફત શિક્ષણ

(2) ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની રાજયની જવાબદારી

(3) બંધારણીય મૂલ્યોને અનુરૂપ અભ્યાસક્રમ રચના

(4) શિક્ષકની ગુણવત્તા

(5) શાળાઓની ગુણવત્તાના ધોરણો નક્કી કરવાં.

(6) સામાજિક સમરસતાને જાળવવી.

(7) બાળકના હકનું રક્ષણ અને બાળમજૂરી પર પ્રતિબંધ.

(8) વહીવટી સરળતા.

(9) સમાજની સહભાગિતા

(10) મૂલ્યાંકનમાં સુધારા કરવા.

શિક્ષણ મારો અધિકાર
સૌ ભણે સૌ આગળ વધે.

# THANK YOU

